રાજયની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે **"શાળા પરિવહન યોજના"**.

ગુજરાત સરકાર,

શિક્ષણ વિભાગ,

**ઠરાવ ક્રમાંક : ED/MIS/E-file/3/2023/5049/G-1**

સચિવાલય ગાંધીનગર.

તારીખ: ૧૨/03/૨૦૨૪

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગના તા.૨૫/૨/૨૦૦૯ના ઠરાવ ક્રમાંક : બમશ-૧૧-૨૦૦૮-૫૮૩૭૪૮-ગ

(૨) શિક્ષણ વિભાગના તા.૨૩/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: PRE-112011-149-K

(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૧/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક: COS/ SEC/e-file/ 276/2023/2201/SECONDARY

**પ્રસ્તાવના:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ મુજબ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ બાદ વિદ્યાર્થીઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરે તે બાબત સુનિશ્ચિત કરવાની ભલામણો કરેલ છે. સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સરળતાપૂર્વક સુરક્ષિત રીતે શાળા સુધી આવાગમન કરી શકે તે માટે વિવિધ વિકલ્પો મળી રહે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની બસોમાં શાળા સુધીની મુસાફરી કરવા માટે વિદ્યાર્થી કન્સેશન પાસની સુવિધા આપવામાં આવે છે .વધુમાં, સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેમના રહેણાંકથી શાળા સુધીના અંતરના નિયમો મુજબ શાળા પરિવહનની સુવિધા નિયત સંખ્યાની મર્યાદામાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે યોજનાઓનો વ્યાપ વધારી સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ - ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે હેતુથી શાળા સુધી આવાગમન

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:51 PM)

માટે પરિવહનની સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શાળા પરિવહન પૂરું પાડવા માટે નીચેની વિગતે "**શાળા પરિવહન યોજના**" અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

**૧ .યોજનાનું નામ :**

રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પરિવહન પૂરું પાડવા માટેની યોજનાનું નામ "**શાળા પરિવહન યોજના**" રહેશે.

**૨. શાળા પરિવહન મેળવવાની પાત્રતા:**

વિદ્યાર્થીના રહેણાંકથી સરકારી અથવા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ૦૫ કિલોમીટરની ત્રિજ્યાથી દૂર હોય તો તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

**૩. નાણાકીય જોગવાઈ :**

સમગ્ર શિક્ષા ફ્રેમ વર્કના ઈમ્પલીમેન્ટેશનના ક્લોઝ નં. ૨.૫.૨ અને ૨.૫.૯ મુજબ Distance Terrain, type of Transport Facility ને ધ્યાને લઈ, actual cost આધારે બાળક દીઠ મહત્તમ રૂ. ૬૦૦.૦૦ પ્રતિ માસ લેખે વાર્ષિક રૂ.૬૦૦૦.૦૦ની મર્યાદામાં પરિવહન ખર્ચ કરવા આથી ઠરાવવામાં આવે છે.

**૪. શરતો:**

i. આ યોજનાનો અમલ ગુજરાત શાળા શિક્ષણ પરિષદ– સમગ્ર શિક્ષા -નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:51 PM)

ii. આ યોજનાનો લાભ લેતાં વિદ્યાર્થીઓનું કેન્દ્ર સરકાર અને રાજય સરકારની સમાન પ્રકારની અન્ય યોજનામાં ડુપ્લીકેશન ન થાય તે નોડલ એજન્સીએ જોવાનું રહેશે.

iii. વિદ્યાર્થીના રહેઠાણની ૦૫ કિમીથી વધુ અંતરે આવેલ સૌથી નજીકની સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રવેશ ઉપલબ્ધ હોય અને તેવી શાળામાં પ્રવેશ લીધો હોય તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

iv. સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર દ્વારા વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરીના તા.03/03/૨૦૦૬, તા.૨૦/૦૬/૨૦૦૬ અને તા.૧૨/૦૬/૨૦૧૯ના પરિપત્રની સુચના તેમજ શાળાઓમાં પરિવહન બાબતે શિક્ષણ વિભાગના તા.૦૧/૦૨/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૨૧૬/સીસી-૯૨/ક ની સુચના અને ગાઈડલાઈનને અનુરૂપ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પરિવહન યોજના અમલમાં મુકવામાં આવેલ છે તેમજ સમગ્ર શિક્ષા, ગાંધીનગર દ્વારા આ યોજનાના અમલીકરણ માટે તા.03/૦૨/૨૦૧૬, તા.૦૬/03/૨૦૧૭, તા.૨૨/૧૧/૨૦૧૭, તા.૧૮/૦૫/૨૦૧૮, તા.૧૩/૦૫/૨૦૧૯, તા.૧૨/03/૨૦૨૦, તા.૨૪/૦૨/૨૦૨૧, તા.૦૨/૦૫/૨૦૨૨ના પત્રોથી જરૂરી ગાઈડલાઈન અને સૂચનાઓ આપવામાં આવેલ છે. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી, નોડલ એજન્સીએ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટેની હાલ અમલી પરિવહન યોજનાના સમાન ધોરણે આ "શાળા પરિવહન યોજના"નો અમલ કરવાનો રહેશે.

v. આ યોજનાની જોગવાઇઓ અને સહાયની રકમમાં ભવિષ્યમાં ફેરફાર કરવાનો થાય તો તે અંગે સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

**૫. અન્ય બાબતો :**

- આ યોજનાના ઉચિત અમલીકરણ માટે સમગ્ર શિક્ષા, ગાંધીનગર જરૂરી આનુષંગિક સૂચનાઓ આપી શકશે .
- આ યોજનાનું અમલીકરણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી કરવાનું રહેશે.

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:51 PM)

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૧૨/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: HITESH KISHORBHAI GOHIL
Reason: Document Validation
Location: Ahmedabad, India
Date: 12-Mar-2024 (06:51 PM)

(એચ.કે.ગોહિલ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના:

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી( પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રા.શિ.અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઇલ